EDII

Sandesh

April 06, 2021
Page No. 1
(City Life)

City Startup

# આંત્રપ્રિન્યોરશિપ વિશે શિક્ષકોને ટ્રેનિંગ અપાઈ

સિટી લાઈફ ▸▸ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા( EDII) અને સીબીએસઈ સ્કૂલ દ્વારા સ્કૂલના શિક્ષકોને આંત્રપ્રિન્યોરશિપ વિશે તાલીમ આપવા ઓરિયેન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં દેશની વિવિધ શાળાઓમાંથી આવેલા ૧ હજારથી વધારે શિક્ષકોને આંત્રપ્રિન્યોરશિપ વિશે તાલીમ આપવામાં આવી હતી. સ્કૂલના બાળકોમાં ઉદ્યોગસાહસિકતા વિશે સમજ કેળવાય તે માટે ઓરિયેન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કૂલના શિક્ષકોની સાથે આ કાર્યક્રમમાં સ્કૂલના આચાર્ય પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. ઈડીઆઈઆઈ એક્સ્પર્ટ દ્વારા વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતાના વિચારો સ્કૂલ લેવલથી જ ખીલે તે માટે શિક્ષકોની ભૂમિકા કેવી હોવી જોઈએ તેના પર ચર્ચા કરવામાં આવી હતી.